શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

## રાજ્યમાં વધુ ૧૨૮૨૦ નવા કેસ : ગાંધીનગરમાં ૩૧૭ : અમદાવાદમાં ૪૬૭૧


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૨૧, મંગળવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ૩૪ લાખને પાર

### કોરોના કેસોમાં સતત બીજા દિવસે ઘટાડો ૩.૬૮ લાખ નવા કેસ : ૩૪૧૭ દર્દીનાં મોત : કુલ ૨.૧૮ લાખ દર્દીનાં મોત



નવી દિલ્હી,તા.૩

દેશમાં કોરોનાની બીજી લહેરએ કોહરામ મચાવી દીધો છે. સ્થિતિ એવી છે કે છેલ્લા ૧૨ દિવસથી સતત ત્રણ લાખથી વધુ કેસ સામે આવી રહ્યા છે. એક દિવસે તો કોરોનાનો આ આંકડો ૪ લાખને પાર પણ પહોંચી ગયો હતો. સોમવારે જાહેર થયેલા આંકડાઓમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા અને મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યામાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. સોમવારે ૩ મેના રોજ કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૬૮,૧૪૭ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩,૪૧૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૯૯,૨૫,૬૦૪ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૧૫,૭૧,૯૮,૨૦૭ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. બીજી તરફ, કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૬૨ લાખ ૯૩ હજાર લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

# કર્ણાટકમાં ઓક્સિજનની અછતથી ૨૪નાં મોત

### ચામરાજનગરમાં ઓક્સિજનની અછત, દુર્ઘટના બાદ મૈસુરથી ચામરાજનગર માટે ૨૫૦ સિલિન્ડર મોકલાયા

નવી દિલ્હી, તા. ૩

દેશમાં અત્યારે કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે, જે ઘાતક નિવડી છે. વર્તમાન સમયે દેશ ઓક્સિજનની અછતનો સામનો કરી રહ્યો છે, તો હોસ્પિટલોમાં બેડ પણ નથી મળી રહ્યા. છેલ્લા ઘણા સમયથી ઓક્સિજનની અછતના કારણે લોકો મરી રહ્યા છે. ત્યારે આજે વધારે એક આવી દુઘટના બની છે. જમાં ૨૪ લોકોના જીવ ગયા છે.

ઘટના કર્ણાટકની છે, કર્ણાટકના ચામરાજનગરમાં ઓક્સિજનની અછતના પગલે ૨૪ લોકોના મોત થયા છે. આ ઘટના ગઈકાલ મધ્યરાત્રિની છે, જયારે ચામરાજનગરની હોસ્પિટલમાં ઓક્સિજનની અછતના કારણે ૨૪ લોકોના મોત થયા છે. આ દુર્ઘટના બાદ મૈસુરથી ચામરાજનગર માટે ૨૫૦ ગેસના સિલિન્ડર મોકલાવામાં આવ્યા છે.

ચામરાજનગરના આ હોસ્પિટલને બેલ્લારીના ઓક્સિજન પ્લાન્ટમાંથી ઓક્સિજન મળવાનો હતો, પરંતુ ઓક્સિજન આવવામાં મોડું થતા આ મોટી દુર્ઘટના બની છે. જાણવા મળી વિગત પ્રમાણે જે લોકોના મોત થયા છે, તેમાંથી મોટાભાગના લોકો વેન્ટિલેટર પર હતા. ઓક્સિજન સપ્લાઈ બંધ થઈ જતા આ લોકો તડપી તડપીને મોત થયા છે. પોતાના સ્વજનોને નજર સામે તડપી તડપીને મરતા જોતા પરિજનોએ આક્રંદ કર્યુ.

આ પહેલા કાલાબુર્ગીના કેબીએન હોસેપિટલમાં ઓક્સિજનની અછતના કારણે ચાર લોકોના મોત થયા હતા. આ જ દિવસે લાઈટ કપાઈ જવાના યદગિર સરકારી હોસ્પિટલમાં વેન્ટીલેટર પર રહેલા એક દર્દીનું મોત થયું હતું. છેલ્લા એક અઠવાડિયામાં કર્ણાટકના અનેક હોસ્પિટલોમાં ઘણા લોકોના મોત ઓક્સિજનની અછતના કારણે થયા છે.

# દેશમાં કોરોના નિયંત્રિત કરવા લોકડાઉન લાદવા સુપ્રીમની સલાહ

### દર્દીઓ પાસે રહેણાંકનો પુરાવો ના હોય, તો પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં સરકારો ભરતી કરવાની કે જરૂરી દવા આપવાની ના ન પાડવા સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી, તા. ૩

દેશભરમાં હાલના દિવસોમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે હાહાકાર મચી ગયો છે. દરરોજ લગભગ ૪ લાખ નવા કેસ સામે આવી રહ્યા છે. જેથી દેશની હાલની સ્થિતિનો સામનો કરવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અનેક મહત્ત્વના સૂચનો કર્યા છે. સુપ્રીમ કોર્ટે વાયરસના સંક્રમણ પર લગામ કસવા માટે લૉકડાઉનની સલાહ આપી છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે વેક્સીનની ખરીદવાની પોલિસીને ફરીથી રિવાઈઝ કરવા માટે કહ્યું છે. કોર્ટે કહ્યું કે જો આવું નહીં કરવામાં આવે તો સાર્વજનિક સ્વાસ્થ્યના અધિકારમાં અડચણ ઉત્પન્ન થશે જે બંધારણના આર્ટિકલ ૨૧નું એક અભિન્ન અંગ છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ કર્યો કે, હાલની સ્થિતિમાં રાજ્ય સરકારોએ ઓક્સિજન પહોંચાડવા આગામી ચાર દિવસમાં રોજેરોજનો ઈમર્જન્સી સ્ટોક તૈયાર કરવો. આ સાથે સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો કે, કોરોના દર્દીઓ પાસે રહેણાકનો પુરાવો ના હોય, તો પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં સરકારો તેમને ભરતી કરવાની કે જરૂરી દવા આપવાની ના નહીં પાડે. આ મુદ્દે કેન્દ્ર આગામી બે



સપ્તાહમાં હોસ્પિટલમાં દર્દીને ભરતી કરવાની રાષ્ટ્રીય નીતિ બનાવે, જેનો તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોએ અમલ કરવાનો રહેશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, લૉકડાઉનની સામાજિક-આર્થિક અસરોની નબળા વર્ગ પર શું અસર થશે, તેનાથી અમે વાકેફ છીએ. આમ છતાં, લૉકડાઉન કરવું પડે, તો આ વર્ગની તમામ જરૂરિયાતો પૂરી કરવા યુદ્ધ સ્તરે તૈયારી કરો.

# યુપીમાં શુક્રવાર રાતથી ગુરૂવાર સવારના સાત સુધી લોકડાઉન

### કોરોના પર નિયંત્રણ ન મેળવી શકાતા વધુ પગલાં : અઠવાડિયાના માત્ર બે દિવસ ગુરુવાર સવારે ૭ વાગ્યાથી શુક્રવારે રાત્રે આઠ વાગ્યા સુધી જ છુટછાટ મળી શકશે

લખનૌ, તા. ૩

કોરોનાની સ્થિતિ પર કાબૂ મેળવવા માટે એક તરફ લોકડાઉનની માંગણી વચ્ચે સુપ્રીમ કોર્ટે પણ કેન્દ્ર અને રાજય સરકારને તેના પર વિચાર કરવા માટે કહ્યું છે ત્યારે યુપી સરકારે વિકએન્ડ લોકડાઉનમાં વધુ બે દિવસ ઉમેરવામાં આવ્યા છે. એટલે કે હવે શુક્રવારે રાત્રે ૮ વાગ્યે શરુ થનારું વીકએન્ડ લોકડાઉન ગુરુવારના સવાર ૭ વાગ્યા સુધી યથાવત રહેશે. એટલે કે અઠવાડિયાના બે દિવસ ગુરુવાર સવારે ૭ વાગ્યાથી શુક્રવારે રાત્રે ૮ વાગ્યા સુધી જ મુક્તિ મળશે.

કોરોના સંક્રમણને જોતા ઉત્તરપ્રદેશમાં વીકએન્ડ લોકડાઉન આગામી ૨ દિવસ સુધી વધારવામાં આવ્યું છે. જેમાં હવે ૬ મેએ સવારે ૭ વાગ્યા સુધી પ્રતિબંધો યથાવત રહેશે. આ પહેલા યુપીમાં ત્રણ દિવસના વીકએન્ડ કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી હતી જે મંગળવારે સવારે ૭ વાગ્યે સમાપ્ત થતું હતું. પરંતુ હવે તેમાં ૪ અને ૫ એમ બે દિવસ વધારવામાં આવ્યા છે.

વીકએન્ડ લોકડાઉન દરમિયાન પ્રતિબંધો રહેશે, પરંતુ જરુરી વસ્તુઓ દુકાનો અને જરુરી સેવાઓ ચાલુ જ રહેશે. રાજયમાં અચાનક આવેલા કોરોનાના કેસમાં ઉછાળાના કારણે નિયંત્રણો લગાવવામાં આવ્યા છે.

# દેશમાં જુલાઈ સુધી રસીની અછત રહી શકે છે : પુનાવાલા

### એક દિવસમાં ૬૦થી ૭૦ મિલિ. વેક્સિન ડોઝનુ ઉત્પાદન થાય છે, તે વધારવા માટે જુલાઈ સુધી સમય લાગી જશે

નવી દિલ્હી, તા. ૩

દેશમાં કોરોનાના હાહાકારી સંક્રમણ સામે લડવા માટે વેક્સીન એક માત્ર હથિયાર હોવાનુ ડોકટરો કહી રહ્યા છે અને તેના કારણે લોકો હવે વેક્સીન લેવા ધસારો કરી રહ્યા છે ત્યારે સીરમ ઈન્સ્ટિટ્યુટના સીઈઓ અદાર પૂનાવાલાનુ કહેવુ છે કે, દેશમાં જુલાઈ સુધી વેક્સીનની અછત જોવા મળી શકે છે.

કોરોના વાયરસે એવી સ્થિતિ પેદા કરી છે કે, હોસ્પિટલોમાં જરુરી સાધનો નથી અને બીજી તરફ હવે વેક્સીનના પણ ફાંફા પડી રહ્યા છે.એક મીડિયા વેબસાઈટના અહેવાલમાં પૂનાવાલાને હવાલાથી કહેવાયુ છે કે, એક દિવસમાં અત્યારે ૬૦ થી ૭૦ મિલિયન વેક્સીન ડોઝનુ ઉત્પાદન થાય છે અને તે વધારીને ૧૦૦ મિલિયન કરવા માટે જુલાઈ સુધીનો સમય લાગી જશે.

# દિલ્હીમાં કોરોના પર નિયંત્રણ મેળવવા સરકારે સેનાની મદદ માગી

### દિલ્હીમાં લોકડાઉન બાદ પણ નિયંત્રણ લેવામાં મુશ્કેલી

નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં લોકડાઉન લગાવ્યા પછી પણ કોરોના પર કાબૂ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.લોકોના સતત મોત થઈ રહ્યા છે અને હવે દિલ્હી સરકારે કોરોના પર લગામ કસવા માટે ભારતીય સેનાની મદદ માંગી છે.

ત્રીજા તબક્કાના વેક્સીનેશન અભિયાન પહેલા ડેપ્યુટી ચીફ મિનિસ્ટર મનીષ સિસોદિયાએ કહ્યુ હતુ કે, દિલ્હી સરકારે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહને પત્ર લખીને



સેનાની મદદ માંગી છે.જે રીતે ડીઆરડીઓએ એક હોસ્પિટલ તૈયાર કરી આપી છે તે રીતે દિલ્હીમાં સેના બીજી હોસ્પિટોલ તૈયાર કરી આપે , સાથે સાથે ઓક્સિજન સિલિન્ડર અને બીજી વ્યવસ્થા માટે સેનાના કામે લગાડવામાં આવે.

સિસોદિયાએ કહ્યુ હતુ કે, દિલ્હીમાં ૭૬ સ્કૂલોમાં વેક્સીનેશન શરુ કરવામાં આવ્યુ છે.દિલ્હીમાં ૧૦૦ ટકા લોકોને વેક્સીન લાગશે તેવી અમને આશા છે.હાલમાં દિલ્હીને ૪.૫ લાખ ડોઝ ફાળવવામાં આવ્યા છે.

# અમેરિકાથી સવા લાખ જેટલા રેમડિસિવિર ઈન્જેક્શન આવ્યા

### કોરોના વાયરસના સંકટ વચ્ચે ઓક્સિજન પૂરો પાડવા ભારતીય વાયુસેનાએ પોતાની તમામ શક્તિ કામે લગાડી

નવી દિલ્હી, તા. ૩

ભારત હાલ કોરોના મહામારીનો ખૂબ જ ભયંકર ફટકો સહન કરી રહ્યું છે. વધી રહેલા કોરોના સંક્રમણના કેસ ઉપરાંત ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સામગ્રીઓની તંગી વચ્ચે સંકટ વધુ ગાઢ બની રહ્યું છે. ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪ લાખને પાર કરી ચુક્યો છે ત્યારે વિશ્વના અનેક દેશો ભારતને મદદ કરવા આગળ આવ્યા છે.

અમેરિકાએ ભારતને મોકલેલી રેમડેસિવિરની ૧,૨૫,૦૦૦ શીશીઓ સોમવારે દિલ્હી એરપોર્ટ પહોંચી હતી. આ કારણે રેમડેસિવિરની તંગીનો સામનો કરવામાં થોડી મદદ મળશે. આ તરફ કોરોના વાયરસના સંકટ વચ્ચે ઓક્સિજન પૂરો પાડવા ભારતીય વાયુસેનાએ પોતાની તમામ શક્તિ કામે લગાડી છે.

આ તરફ ભારતીય વાયુસેનાના સી-૧૭ એરક્રાફટે ૪ ક્રાયોજેનિક ઓક્સિજન ટેક્રર જર્મનીથી એરલિફ્ટ કરીને હિંડન એરબેઝ પર પહોંચાડ્યા હતા.

# પ.બંગાળમાં પરિણામો બાદ હિંસા : ૪નાં મોત

### બંગાળની ચૂંટણીમાં વિજયની હિંસક ઉજવણી : નંદીગ્રામમાં બબાલ, ભાજપ કાર્યાલયમાં તોડફોડનો પ્રયત્ન કરાયો અને કાર્યાલયને આગ ચાંપવાનો પ્રયત્ન પણ કરાયો

નવી દિલ્હી, તા. ૩

પશ્ચિમ બંગાળ વિધાનસભા



ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને તૃણમૂલ કોંગ્રેસનો ધમાકેદાર વિજય થયો છે. જો કે, ચૂંટણી પરિણામો બાદ રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં હિંસા ચાલુ છે. નંદીગ્રામ ખાતે સોમવારે પણ બબાલ થઈ હતી અને ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં તોડફોડનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તે સિવાય કાર્યાલયને આગ ચાંપવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીએ લગાવેલા આરોપ પ્રમાણે આ બધા પાછળ તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોનો હાથ છે. માત્ર ભાજપા કાર્યાલય જ નહીં પણ અનેક દુકાનો અને ઘરોમાં પણ તોડફોડ બાદ આગ ચાંપવામાં આવેલી છે. ભાજપના આરોપ પ્રમાણે તોડફોડની ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે ઉપદ્રવીઓ ભાગી ગયા હતા. આ ઘટના બાદ નંદીગ્રામ બજાર વિસ્તારમાં તણાવ વધી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, બંગાળમાં ભલે તૃણમૂલ કોંગ્રેસનો વિજય થયો હોય પરંતુ નંદીગ્રામ ખાતે મુખ્યમંત્રી મમતા બેનર્જી ચૂંટણી હારી ગયા છે. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના શુભેન્દુ અધિકારીએ મમતા બેનર્જીને હરાવ્યા છે.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારથી હિંસા થઈ રહી છે. રવિવારથી લઈને અત્યાર સુધીમાં બંગાળમાં હિંસા દરમિયાન ૪ લોકોના મોત થયા છે. તેમાં દક્ષિણ ૨૪ પરગણા, નદિયા ખાતે ભાજપના કાર્યકર, વર્ધમાનમાં ટીએમસી અને ઉત્તર ૨૪ પરગણામાં આઈએસએફના કાર્યકરે જીવ ગુમાવ્યો છે.






## દુઃખદ અવસાન



અમારા માતુશ્રી **ગં.સ્વ. મધુબેન ભુલાભાઈ પ્રજાપતિ**નો સ્વર્ગવાસ તા. ૧/૫/૨૦૨૧ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા. ૬/૫/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ થી ૨.૦૦** દરમિયાન રાખેલ છે.

**પ્લોટ નં. ૪૮૩/૧, સેક્ટર-૧૩/એ, ગાંધીનગર**

| | |
|---|---|
| મૃદુલાબેન (પુત્રવધુ)-૭૫૬૭૭૦૭૯૮૨ | અર્પણ (પૌત્ર) |
| રાજેશભાઈ (પુત્ર)-૯૮૨૫૦૫૭૮૭૮ | ફાલ્ગુની (પૌત્રવધુ) |
| રમીલાબેન (પુત્રી)-૯૮૨૪૨૭૩૯૧૩ | શુભાંગી (પુત્રી) |
| વિમળાબેન (પુત્રવધુ)-૯૩૧૬૩૭૩૮૫૩ | જાનકી (પુત્રી) |

## ટેલિફોનિક બેસણું



અત્યંત દુઃખદ સ્વરે જણાવવાનું કે, મારા પત્નિ **રેખાબેન મહેશ જાદવ** (ગામ-કંબોઈ, તા. ચાણસ્મા, જિ. પાટણ, હાલ રહેઠાણ : ૯, શ્રીરંગ એન્ટાયર, રાયસણ, ગાંધીનગર) તા. ૧/૫/૨૦૨૧ને શનિવારના રોજ ૧.૦૦ વાગ્યે અવસાન પામેલ છે. **સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા. ૫/૫/૨૦૨૧ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** રાખેલ છે.

**કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રૂબરૂ બેસણું તથા લૌકિકક્રિયા બંધ રાખેલ છે.**

**લિ.**

**મહેશ મંગળદાસ જાદવ (૯૪૨૯૩૦૦૯૬૪)**
**દિનેશ મંગળદાસ જાદવ (૯૪૨૬૫૦૧૯૪૯)**
**સૂર્યકાન્ત મંગળદાસ જાદવ (૯૮૯૯૧૫૩૬૯૯)**
**સુમંત મંગળદાસ જાદવ (૮૧૪૧૨૮૦૬૪૪)**
**રાજેશ મંગળદાસ જાદવ (૯૭૨૫૬૧૧૪૩૭)**
**રમ્ય મહેશ જાદવ, લમ્હા મહેશ જાદવ**